# હિંમતનગરમાં એક રાતમાં પાંચ મકાનના તાળા તૂટ્યા : ચાર લાખની ચોરી

હિંમતનગર, તા. ૧૮

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના પાણપુરમાં શનિવારે રાત્રી દરમિયાન રૈયાન પાર્કમાં તસ્કરોએ ત્રાટકી પાચ મકાનના તાળા તોડીને રોકડ અને સોનાચાંદીના દાગીના સહીત ૪ લાખની મત્તા ની ચોરી કરી લઈ જતા રવિવારે સાંજે હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે ફરિયાદ નોધાવતા પોલીસે ચોરીનો ગુનો નોધી ઘટના પીએસઆઈ સ્ટાફ ,ડોગ,એફએસએલ સાથે સ્થળ પર પહોચી તપાસ હાથ ધરી હતી.

પાણપુરમાં શનિવારે રાત્રે ઠંડી વધુ હોવાને લઈને ગામમાં રસ્તા સુમસામ બની ગયા હતા જેથી તસ્કરોનો માર્ગ મોકળો બની ગયો હતો અને રૈયાન પાર્કમાં પાચ બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવીને રોકડ રકમ અને સોનાચાંદીના દાગીના મળી કુલ રૂ.૪ લાખની મત્તાની ચોરી કરી લઈ ગયા હતા જોકે પોલીસે ચોપડે માત્ર ચોરી ૧ લાખ ૭૦ હજારની નોધાઈ હતી. રૈયાન પાર્કમાં રહેતા સલીમભાઈ નુરભાઈ પોગરવા જેમને બે માળના ઘરમાં એક મહિના પહેલા લગ્ન સમાંરભ થયો હતો જેને લઈને નીચેના મકાનમાં બે દિવસ થી કલર કામ ચાલતું હતું જેથી સલીમભાઈ પરિવાર સાથે ઉપરના માળે રહેતા હતા દરમિયાન નીચેના બંધ મકાનમાં રાત્રીના તસ્કરોએ દરવાજાનો નકુચો તોડી અંદર -વેશ કરી તિજોરીમાંથી રોકડ ૧ લાખ ૯૭ હજાર અને સોનાનો હારનો સેટ, પાચ વીટી, કાનની એરિંગ ૨ સેટ, ૧ જોડી બુટ્ટી અને ૧૦ ચુની બે લાખના દાગીના મળી કુલ ૪ લાખ, જયારે બીજું બંધ મકાનનો નકુચો તોડી હાજરાબેન નુરભાઈ વિજાપુરાના ઘરમાંથી સોનાની વીટી-૧, ચાંદીના છડા -૨ જોડી, રોકડ ૭ હજાર, ત્રીજું બંધ મકાન ઈસ્માઈલભાઈ ઈબ્રાહીમભાઈ ડોડીયાના મકાનનો દરવાજા તોડીચાંદીના છડા-૧ જોડી. ચોથા જમેલાબેન ઈસ્માઈલભાઈ ગોદડ ના બંધ મકાનનો દરવાજાનો નકુચો તોડી અંદરથી રોકડ ૨૫૦૦ ,અને ચાદર નંગ -૩,જયારે પાંચમું જેનબબેન શફીભાઈ મેમણનું બંધ મકાનનો પણ દરવાજા નો નકુચો તોડ્યો હતો પરંતુ કાઈ હાથ લાગ્યું ન હતું. આ ચોરી અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસ મથકે રવિવારે સલીમભાઈ પોગરવાએ ફરિયાદ નોધાવતા પોલીસે રોકડ અને સોના-ચાંદીના દાગીના મળી રૂ.૧ લાખ ૭૦ હજારની મત્તાની ચોરી થયાની ફરિયાદ નોધી હતી અને પીએસઆઈ-જી. વી. ગોહિ, સીપીઆઈ-સી. એલ. સોલંકી, ડોગસ્કોર્ડ, એફએસએલ સહીત પોલીસ સ્ટાફ સ્થળ પર પહોચીને તપાસ હાથ ધરી હતી.

## ગ્રોમોર દ્વારા એમ.ઓ.યુ. કરાયા

હિંમતનગરના બેરણા સ્થિત ગ્રોમોર ગૃપ ઓફ ઈન્સ્ટીટયુશન દ્વારા અમેરિકા સંચાલિત હોરીજોન ક્રિશ્ચયન સ્કૂલ, યુ.એસ.એ. સાથે તાજેતરમાં ગાંધીનગરમાં યોજાયલ વાયબ્રન્ટ ગુજરાત એમ.ઓ.યુ. કરવામાં આવ્યા હતા. જેનો મુખ્ય ઉદ્દેશ અભ્યાસિક -વૃતિઓને -ોત્સાહન અને વૈશ્વિક કક્ષાએ લઈ જવાનો છે. આ -સંગે ગ્રોમોર ગૃપ ઓફ ઈન્સ્ટીટયુશનના ડાયરેકટર જનરલ ડૉ.એચ.બી.પટેલ અને હોરીજોન ક્રિશ્ચયન સ્કૂલ, ય.એસ.એ. તરફથી -િ.બીલ સ્મેથુર્સટ અને મિસ. જોડી ગીલ ઉપસ્થિત રહ્યા હતા.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર ખાતે ચોકસી સુવર્ણકાર એશોસિએશન ધ્વારા કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી શ્રી હરીભાઈ ચૌધરીનો અભિવાદન સમારોહ યોજાયો હતો. જેમાં પાલનપુરના સુવર્ણકારોએ મંત્રીશ્રીનું સન્માન કર્યુ હતુ. આ -સંગે મંત્રી શ્રી હરીભાઈ ચૌધરીએ જણાવ્યું હતુ કે વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સમગ્ર વિશ્વમાં ભારત શક્તિશાળી રાષ્ટ્ર તરીકે -સ્થાપિત થયું છે. તેમણે કહ્યુ કે કેન્દ્ર સરકારે ભારતીય ફોજદારી ધારાની કલમ-૩૦૯ રદ્દ કરી છે. તેવી જ રીતે જુના પુરાણા ૯૦ જેટલા કાયદાઓમાં સુધારા કરવામાં આવશે. તેમણે કહ્યુ કે લોકોના -ોનું ઝડપથી નિરાકરણ આવે તે દિશામાં સરકાર કામ કરી રહી છે. તેમણે કહ્યુ કે વાયબ્રન્ટ ગુજરાત સમિટથી દુનિયાના લોકો ગુજરાતમાં ઔધોગિક રોકાણ કરતા થયા છે. મંત્રીશ્રી ચૌધરીએ જણાવ્યું હતુ કે -જાની અપેક્ષાઓ અને આકાંક્ષાઓ પુરી કરવા સરકાર સંકલ્પબધ્ધ છે. તેમણે કહ્યું કે સ્વચ્છતા દરેક વ્યક્તિનો સ્વભાવ બને તેવા સમાજનું નિર્માણ કરવાની સરકારની નેમ છે. તેમણે કહ્યુ કે વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ નવી વૈશ્વિક ઉંચાઈઓ સર કરશે. સુવર્ણકારોના -ોનો અભ્યાસ કરી તેનું હકારાત્મક નિરાકરણ આવે તેવા -યાસો કરવામાં આવશે.

# અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના ખેડુત દ્વારા 'એપલ બોર' ખેતીનો નવતર પ્રયોગ અપનાવ્યો

(જીતેન્દ્ર પટેલ ધ્વારા) મોડાસા, તા.૧૭

ભારત એક ખેતી પ્રધાન દેશ છે એમાંય ગુજરાતના ખેડુતોનુ આગવુ મહત્વ છે તેથી જ આ અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકા બોરડીકંપા ગામે



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

ખેડુતે એપલ બોરની ખેતી કરીને એક નવતર પ્રયોગ અજમાવ્યો હતો. જેથી આ ખેતી કરવાથી ખેડુતની દશા અને દિશા પણ બદલાઈ હતી.

મોડાસા તાલુકાના બોરડીકંપાના એક ખેડુતે નવતર પ્રયોગ કરીને એપલ બોરની ખેતી કરી છે. આ ખેડુત ધ્વારા ગત વર્ષે બોરડીની કલમ લાવીને બોરડી વાવી હતી. આ વર્ષે બોર તૈયાર થઈ જતાં બજારમાં બોર વેચાવાના શરૂ થઈ ગયા હતા. સામાન્ય ખેતી કરતાં આ ખેતી અલગ પ્રકારની છે. આ ખેતી વાવેતર કર્યા બાદ એક વર્ષના સમયગાળા પછી બોર આવે છે અને ત્યારબાદ વર્ષો સુધી પાક લઈ જઈ શકાય છે એટલે બીજી ખેતી કરતાં આ ખેતીમાં ખેડુતને ફાયદો સારો થાય છે તેવુ આ ખેડુત ધ્વારા જણાવવામાં આવ્યુ હતુ.

જયારે મોડાસાના એપલ બોર વેચાણ માટે ગુજરાતના ખુણે ખુણે જઈ રહયા છે. જયારે અમદાવાદ, સુરત, ગાંધીનગર જેવા મોટા શહેરોમાં આ બોરની માંગ મોટા પ્રમાણમાં છે. આ બોર સ્વાદમાં મીઠા સફરજન જેવા લાગતા હોવાથી જ આ બોરનુ નામ એપલ બોર પાડવામાં આવ્યુ છે. આ બોર બજારમાં કીલોના ૫૦ રૂ કરતાં પણ વધારે ભાવે વેચાય છે. જેથી આ ખેડુતો ધ્વારા આ બોરની ખેતીમાં ફાયદો દેખાય છે અને ધાર્યા કરતાં પણ ઉત્પાદન વધારે મળે છે જેથી આવનારા દિવસોમાં ખેડુતો આ ખેતી તરફ વળશે તેવુ દેખાઈ રહયા છે.

# ડીસાના જાણીતા જમીન દલાલ સહિત બે વિરુદ્ધ પોલીસ ફરીયાદ

ડીસા, તા. ૧૮

વહેપારી મથક ડીસામાં જમીન લે-વેચ કરતા એક ખ્યાતનામ જમીન દલાલે તેમની વિરુદ્ધ હાઈકોર્ટમાં ચાલતા એક જમીન લગતા કેશમાં સમાધાન કરી કેશ પાછો ખેચવા પીડિત ફરિયાદીને ધમકાવ્યો હતો. જેથી પીડિત ફરિયાદીએ આ મામલે ડીસા દક્ષિણ પોલીસ મથકે ધમકી આપનાર અને તેના અન્ય સાગરિત ઉપર પોલીસ ફરિયાદ નોધાવતા ચકચાર મચેલ છે.

ઝેરડા ગામે રહેતા પરબતભાઈ ડાહ્યાભાઈ દેસાઈએ એક જમીન લગતા કેશમાં વર્ષ ૨૦૧૨માં ડીસા શહેર પોલીસ મથકે ફાસ્ટ ગુ.ર.ન.૧૮૭/૧૨ આઈ. પી. સી. કલમ ૪૬૫, ૪૬૭, ૪૭૧, મુજબ આરોપી એવા હરેશભાઈ જયંતીલાલ ઠક્કર તેમજ ડાહ્યાભાઈ નારયણભાઈ રબારી સામે ફોજદારી ફરિયાદ નોધાવી હતી. ફરિયાદના કામમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં સ્ટે ચાલુ છે. જોકે ફરિયાદીએ સમાધાનની ના પાડી નામદાર કોર્ટ નો ફેસલો જે આવે તે રીતે કેશ ચલાવવાની વાત કરતા આરોપી ઉશ્કેરાયા હતા.

# ડીસામાં પોલીયો નાબૂદીની સિદ્ધિ કાજે આજથી ૩ દિવસ પોલીયો ઝૂંબેશ

ડીસા, તા. ૧૮

બનાસકાંઠાના ડીસા સહિત જીલ્લાભરમાં આજે રવિવારથી શહેર તેમજ ગ્રામીણ વિસ્તારોમાં પોલીયો રસીકરણ અભિયાન હાથ ધરવામાં આવનાર છે. જેમાં જિલ્લા અને રાજયમાંથી પોલીયો નાબૂદ થયો છે ત્યારે ફરીથી તેના કાળમૂખાં પગરણ ન થાય તેની



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

અગમચેતી સ્વરૂપે ડીસા તાલુકામાં ૭૩,૭,૭૮ બાળકોને પોલીયો વિરોધી ડોઝ પીવડાવવામાં આવશે.

બનાસકાંઠાના ડીસા તાલુકામાં આજે રવિવાર -થમ બુથ ઉપરથી અને તે બાદના બે દિવસ ઘેર -ઘેર જઈ આરોગ્ય વિભાગની ટીમો પોલીયો રસીકરણ અભિયાન હાથ ધરી બાળકો ને રસી પીવડાવસે, ભારતમાં પોલીયો નાબુદ થયો છે. પોલિયોનું અંગ્રેજીમાં આખું નામ Poliomyelitis છે . આ એક એવી જાતનો વાયરસ છે જે ખાસ કરીને ૫ વર્ષથી નીચેના બાળકોને એનો શિકાર બનાવતો હોય છે . આ કારણથી એને બાળ લકવો પણ કહેવામાં આવે છે .જે બાળકો એમાંથી બચી જાય છે એને પોલિયો જીવનભર માટે વિકલાંગ બનાવી દે તેવી બિમારીઓમાંની એ એક છે. આ અભિયાન માં આજે ડીસા ની સરકારી હોસ્પિટલ ખાતે ડીસા ધારાસભ્ય ગોવાભાઈ દેસાઈ, અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ડો. આર. આર. પરમાર, ડીસા સિવિલ હોસ્પિટલ અધિક્ક્ષક ડો. અરવિંદ પરમાર તાલુકા વિકાસ અધિકારી ડીસા અને અન્ય અધિકારીગણની હાજરીમાં આ ૩ દિવસીય અભિયાન ખુલ્લું મુકાયું હતું? આ બાબતે ડીસા તાલુકા હેલ્થ અધિકારી ડો. ઉમેશ ઝવેરીએ જણાવેલ કે સમગ્ર ડીસા તાલુકામાં આજે ૨૯૫ બુથો પરથી આરોગ્ય વિભાગના કાર્યકરો દ્વારા શૂન્યથી પાંચ વર્ષ સુધીના બાળકોને પોલીયોની રસીના બે ટીંપા પીવડાવવાનું અને એકપણ બાળક રહી ન જાય તેવું આયોજન કરાયું હોવાનું જણાવ્યું હતું. ડીસા તાલુકામાં કુલ ૩ દિવસ આ ઝુંબેશ ચાલશે જેમાં ૭૩,૭,૭૮ જેટલા બાળકોને રસી નો જીવનરક્ષક સમાન ડોજ આપવામાં આપશે

યુનિસેફે ભારતને પોલીયો મુકત દેશ જાહેર કર્યો છે. ભારતમાં છેલ્લા બે વર્ષ દરમિયાન પોલીયોનો એક પણ કેસ નોંધાયો નથી. પોલીયોની સતત દેખરેખ અને મોનીટરીગ સંબંધીત રીપોર્ટ દ્વારા જણાવવામાં આવ્યું છે કે ભારતમાં આ વર્ષે પણ પોલીયોનો એક પણ કેસ નોંધાશે નહી અને ભારતને વર્ષ ૨૦૧૪માં પોલીયો મુકત -માણપત્ર મળ્યું. દુનિયાભરનાં દેશોમાં વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન, રોટરી ઈન્ટરનેશનલ તેમજ સ્થાનીક સરકારો દ્વારા પોલીયો હટાવો ઝુંબેશ સતત થવાનાં કારણે હવે માત્ર પાકિસ્તાન ઉપરાંત આફ્રિકી દેશો, અફઘાનીસ્તાનના દેશોમાં જ પોલીયોનું નામ બચ્યુ છે. દુનિયાનાં તમામ દેશોમાંથી હવે પોલીયો નાબુદ થઈ રહ્યો છે એ ખુબ જ સારી વાત છે. તેવું ડીસા ના સિવિલ સર્જન ડો, અરવિંદ પરમારે જણાવ્યું હતું .



મોડાસા શહેરમાં અખિલ ગુજરાત વાલ્મીકી સમાજની ક્રિકેટ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. સમગ્ર ગુજરાતમાંથી ૧૬ ટીમોએ ભાગ લીધો હતો. ટૂર્નામેન્ટની ફાઈનલ મેચ મોડાસા આર.સી.સી. અને ભૂજની ટીમ વચ્ચે રમાઈ હતી. ટૂર્નામેન્ટમાં આર.કે. ચૌહાણ, નિલેષ જોષી, અશોક રાઠોડ, આર.ડી. રાઠોડ, શંકરભાઈ, સુશીલાબેન, સંજયભાઈ વગેરે હાજર રહ્યા હતા. (તસવીર : જય અમીન, મોડાસા)

# હિંમતનગરમાં સર્વધર્મ, સર્વજ્ઞાતિનો સાતમો સમુહ લગ્નોત્સવ સંપન્ન

દુનિયાને જોઈ શકતો યુવાન જયારે ચક્ષુહિન યુવતીને પોતાની જીવનસંગીની બનાવી સંસારરૂપી નાવમાં હલેસા મારવા રવિવારે -ભુતામાં પગલા પાડી નવુ જીવન શરૂ કરે છે ત્યારે સભ્ય સમાજને આમાંથી શીખ લેવી જોઈએ. નેત્રહિન યુવતીને હવે શંભુ ભોળાની જેમ ત્રિનેત્ર મળ્યુ છે. લાયન્સ કલબ ઓફ હિંમતનગર ડીવાઈન દ્વારા રવિવારે વિદ્યાનગરી ખાતે સર્વધર્મ, સર્વજ્ઞાતિનો સાતમો સમુહ લગ્નોત્સવનું આયોજન કરાયુ હતું. જેમાં -ાંતિજ તાલુકાના -જ્ઞાચક્ષુ શીતલબેન મુળજીભાઈ વણકર સાથે વાઘરોટા ગામના મિતેષકુમાર વિનોદભાઈ વણકરે નિર્ણય કરી અગ્નિની સાક્ષીએ સપ્તપદીના સાત ફેરા ફરી નવુ જીવન શરૂ કર્યુ છે. વિદ્યાનગરી ખાતે યોજાયેલ સાતમા સર્વધર્મ સર્વજ્ઞાતિ સમુહલગ્નોત્સવમાં એક મુસ્લિમ અને સહીત ૧૨ નવ યુગલોએ બેટી બચાવોના શપથ લીધા હતા. તમામે સ્વચ્છતાના પણ શપથ લીધા હતા. જિલ્લાના એનઆરઆઈ સી. કે. પટેલ, ડૉ. મહેન્દ્રસિંહ ચૌહાણ, દક્ષેશ રાવલ, એન.સી.-જાપતિ, ભાલચંદ્રભાઈ જોષી, હસમુખભાઈ ઠક્કર, ગિરધરભાઈ પટેલ, ડી.એલ.પટેલ, મોહનભાઈ નાયી સહિત મહિમાને સાર્થક કર્યો છે.

# મેઘરજથી પંડુલીનો રોડ બિસ્માર હાલતમાં : વાહનચાલકો પરેશાન

ઈસરી, તા. ૧૮

ગુજરાત રાજય સરકાર આદિવાસી વિસ્તારોમાં કરેલા વિકાસના કામોની બહુ મોટી મોટી જાહેરાતો કરે છે. પરંતુ આ જાહેરાતો ફક્ત કાગના વાઘ જ સાબિત થઈ રહી હોય તેવુ લાગી રહ્યુંછે. અરવલ્લી જિલ્લાના આદિવાસી વિસ્તાર ધરાવતા મેઘરજ તાલુકો વિકાસથી વંચિત પરિવહન માટે રોડની હાલત ઉબડખાબડ.

અરવલ્લી જિલ્લાના મેઘરજ તાલુકામાં મેઘરજ શહેરથી ગામડાઓ સુધી જોડતા માર્ગે યોગ્ય જાળવણીના અભાવે અને વરસાદી પાણીના કારણે ધોવાઈ જઈ સાંકળા બની ગયા હોવાથી અને રોડ પર પડેલા મોટા મોટા ખાડાઓથી વાહનચાલકો પરેશાનીનો સામનો કરી રહ્યા છે. જ્યારે સાથે સાથે ખાડા ટેકરાઓના કારણે વાહનચાલકોનો ડીઝલનો વ્યાપ પણ વધી ગયો હોવાથી વાહન ચાલકો તોબા પોકારી ગયા છે. મેઘરજથી ગાંધીકંપા, કસાણાથી પંડુલી જવાનો ૩૦ કિલોમીટર રોડ બે વર્ષ જેટલો સમય નવા રોડને થયો હોવા છતાં રોડ ઉપરથી ડામરનું ધોવાણ થઈ ડામર જ જોવા મળતો નથી. અને મોટા મોટા ખાડાઓ પડી જઈ ઉપડખાબડ બની જતા વાહનચાલકો તોબા પોકારી ગયા છે. વરસાદી પાણીના કારણે રોડ ધોવાઈ જવાના કારણે આ રસ્તાઓ સાંકળા બની ગયા હોવાથી વારંવાર નાના-મોટા અકસ્માત પણ બનતા રહે છે અને મોટી દુર્ઘટના થવાનો ભય સેવાઈ રહ્યો છે. પંડુલી ગામના ગ્રામજનોએ જણાવ્યું હતુ કે માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓ આ રોડની ઉપેક્ષા કરી રહ્યા છે. આ રોડની અવદશાથી કંટાળી આ બધા ગામડાના લોકોએ જિલ્લા પંચાયત સદસ્ય સોમાભાઈ ડામોરને ઘટતુ કરવા જણાવેલ છે. પરંતુ સરકારી તંત્ર ઝડપી રોડને સમારકામ કરી પહોળો કરે તેવી લોકો માંગ કરી રહ્યા છે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

પાલનપુર મુકામે કેન્દ્રીય ગૃહ રાજયમંત્રી શ્રી હરીભાઈ ચૌધરીના અધ્યક્ષસ્થાને જિલ્લા વીજીલન્સ અને મોનીટરીંગ સમિતિની બેઠક યોજાઇ હતી. જેમાં કેન્દ્ર સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓ જેવી કે મનરેગા, રાજીવ ગાંધી ભવન, ઈન્દિરા આવાસ યોજના, શૌચાલયો બનાવવા, સ્વચ્છ ભારત મિશન અંતર્ગત વ્યક્તિગત શૌચાલય, -ધાનમંત્રીશ્રી ગ્રામ સડક યોજનામાં ગામોને જોડતા રસ્તાઓ બનાવવા અને ટ્રાયબલ વિસ્તારના વિકાસના કામોની સમીક્ષા કરવામાં આવી હતી. અને તેમાં થયેલ -ગતિ અંગેનો અહેવાલ રજુ કરવામાં આવ્યો હતો.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

સમગ્ર ગુજરાત રાજયમાં હાલ માર્ગ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે ગઈકાલે અરવલ્લી જીલ્લાના ધનસુરા ખાતે પી.એસ.આઈ. રવિભાઈ બારોટ અને તેમની ટીમ ધ્વારા કોઈ પણ જાતનો દંડ કે એન.સી. ફટકાર્યા વગર વાહનચાલકોને ફુલ અને મીઠાઈ આપી ટ્રાફીકના નીયમો અંગે જાણકારી આપી હતી અને પત્રીકાઓ આપીને લોકોને ટ્રાફીકના નિયમો અંગે જાણકારી આપી હતી

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD | Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર TATA
ઓથોરાઈઝ્ડ ડીલર Castrol, EXIDE INDUSTRIES LIMITED, BRIDGESTONE PASSION for EXCELLENCE, JK TYRE

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦